કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

# ગુરુપૂર્ણિમા : ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પવિત્ર પર્વ,શ્રદ્ધાભેર ઊજવણી




ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવ્યું છે. જીવનમાં જ્ઞાન, સંસ્કાર, સદાચાર અને સાચા માર્ગનું દર્શન કરાવનાર ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે દર વર્ષે અષાઢ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુપૂર્ણિમા, જેને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે, શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઉજવવામાં આવે છે.આ દિવસ મહર્ષિ વેદવ્યાસજીની જન્મજયંતિ તરીકે મનાવવામાં આવે છે. મહર્ષિ વેદવ્યાસે ચારેય વેદોનું સંકલન કર્યું, મહાભારત જેવા મહાગ્રંથની રચના કરી તેમજ અઢાર પુરાણોની રચના કરીને ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાને અમૂલ્ય વારસો આપ્યો હતો. તેમના અવિસ્મરણીય યોગદાનને કારણે તેમને 'આદિ ગુરુ' તરીકે પણ સન્માન આપવામાં આવે છે.

તેથી આ પર્વને વ્યાસ પૂર્ણિમા તરીકે વિશેષ મહત્વ પ્રાપ્ત થયું છે.ગુરુપૂર્ણિમાના દિવસે મંદિરો, આશ્રમો, મઠો, શિક્ષણ સંસ્થાઓ તેમજ વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં ગુરુપૂજન, પાદુકા પૂજન, સત્સંગ, ભજન-કીર્તન, ધાર્મિક પ્રવચનો, યજ્ઞ, ધ્યાન, જ્ઞાનગોષ્ઠિઓ અને પ્રસાદી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શિષ્યો પોતાના ગુરુના આશીર્વાદ મેળવી તેમના પ્રત્યે આદર, શ્રદ્ધા અને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.ભારતીય પરંપરામાં ગુરુ માત્ર શિક્ષણ આપનાર વ્યક્તિ જ નથી, પરંતુ જીવનને યોગ્ય દિશા આપનાર માર્ગદર્શક છે.

માતા-પિતા, શિક્ષકો, સંત-મહાત્માઓ તથા જીવનમાં સારા મૂલ્યો અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર દરેક વ્યક્તિ ગુરુ સમાન માનવામાં આવે છે.આ વર્ષે પણ જિલ્લામાં વિવિધ મંદિરો, આશ્રમો, શિક્ષણ સંસ્થાઓ અને ધાર્મિક સ્થળોએ ગુરુપૂર્ણિમાની ભાવભીની ઉજવણી માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી  ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરુવંદના, પૂજન-અર્ચન અને ધાર્મિક કાર્યક્રમોમાં જોડાઈ ગુરુપ્રત્યે પોતાની અડગ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

તારીખ : 29/07/2026

# સંત શિરોમણી ગુરુ શ્રી રવિદાસજીની 650મી જન્મ જયંતી વર્ષ નિમિત્તે સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત 29 જુલાઈ, 2026, ગુરુ પૂર્ણિમાના અવસરે ભવ્ય 'દીપોત્સવ પર્વ' નું આયોજન કરવામાં આવ્યું છે.







સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે સંત શિરોમણી ગુરુ શ્રી રામદાસજી ની 650 ની જન્મ જયંતી વર્ષ અંતર્ગત આજે દીપોત્સવ નો કાર્યક્રમ આશ્રમના ભક્તિ બાપુના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન તેમજ શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ સહિતના ભાજપના મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભક્તિ બાપુ નું ગુરુ પૂજન અને સન્માન કર્યું હતું તેમજ નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા ફ્રુટની ટોપલી આપી હતી. તેમજ નગરપાલિકાના દંડક અરવિંદભાઈ મેવાડા અને જિલ્લા ભાજપના ઉપપ્રમુખ શરદભાઈ પંડ્યા દ્વારા ચાલ ઓઢાડી ભક્તિ બાપુનું સન્માન કરવામાં આવ્યું હતું



તારીખ : 29/07/2026

# આજે ગુરુપૂર્ણિમા એટલે ગુરુ વંદના કરવાનો દિવસ અંધારાથી અંજવાળામાં લઈ જનાર ગુરુનું આજે વિધિવત રીતે પૂજન કરવામાં આવે છે ત્યારે

## આજે સાવરકુંડલા થી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર માનવ મંદિરે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે દૂર દૂરથી ભક્તિ બાપુ ના સેવકોએ આવીને ભાવવંદના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા ત્યારે મનોરોગ્ય આશ્રમમાં નિવાસ કરી રહેલી 58 બહેનોએ પણ ભક્તિ બાપુને પુષ્પ અર્પણ કરી આશીર્વાદ લીધા





સાવરકુંડલા થી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગીનું આશ્રમ આવેલો છે જ્યાં રખડતા ભટકતા નિરાધાર મનોરોગી બહેનોને આશ્રય આપી પૂજ્ય ભક્તિ બાપુ દ્વારા પુનઃ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરાવાઈ રહ્યો છે આ આશ્રમમાં હાલમાં 58 જેટલી મનોરોગી બહેનો ભક્તિ બાપુની નિશ્રામાં નિવાસ કરે છે.

અને અત્યાર સુધીમાં 135 મનોરોગી બહેનો તાજી થઈ સમાજમાં પૂર્ણ સ્થાપિત થઈ છે જે માનવ મંદિર આશ્રમની 14 વર્ષની તપસ્ચરિયાનું ફળ ગણાવી શકાય. આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે દૂર દૂરથી ભક્તિ બાપુ ના સેવકોએ આવીને ભાવવંદના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા ત્યારે મનોરોગ્ય આશ્રમમાં નિવાસ કરી રહેલી 58 બહેનોએ પણ ભક્તિ બાપુને પુષ્પ અર્પણ કરી આશીર્વાદ લીધા પાલક પિતા કહો નિરાધારના આધાર કહો કે મનોરોગીના ઉદ્ધારક કહો એવા સરળ અને મૃદુ આ માનવ મંદિરના સંત ભક્તિ બાપુએ અનેક અંધારે રહેલા સેવકોને અજવાળા સુધી લઈ જવાનો પ્રયાસ કર્યો છે.

એક કથાકાર માંથી મનોરોગીના ઉદ્ધારક બનવાનો સૌભાગ્ય અને સેવા જેણે સ્વીકારી છે ત્યારે આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે આવા પવિત્ર સંતને સત સત્ વંદન..

કે.ડી. NEWS
તારીખ : 29/07/2026


# કોકડીમાં દારૂગોળો ભરી ફટાકડા બનાવતાં ઘટના

# સાવરકુંડલામાં ફટાકડા બનાવતાં તણખો ઝર્યો, આગ લાગતા સગીર સળગી ગયો





સાવરકુંડલામાં સર્વોદય સોસાયટીમાં એક મકાનમાં દિવાળી માટે કોકડીમાં દારૂગોળો ભરી ફટાકડા બનાવવાનું કામ ચાલુ હતું ત્યારે એક તણખો દારૂ ભરેલા તગારામાં પડતા કાકાના ઘરે આવેલો કિશોર ભડભડ સળગી ઉઠ્યો હતો. જેને ગંભીર હાલતમાં રાજકોટ હોસ્પિટલે ખસેડાયો છે.સાવરકુંડલામાં જયશ્રી ટોકીઝ સામે સર્વોદય સોસાયટી વિસ્તારમાં બની હતી જ્યાં ચંદુભાઈ પોપટભાઈ મકવાણાના મકાનમાં આગામી દિપાવલીના તહેવારને ધ્યાને લઈ કોકડીમાં દારૂગોળો ભરી ફટાકડા બનાવવાનું કામ ચાલુ હતું. વંડા ગામેથી તેમનો ભત્રીજો કિશન બાબુભાઈ મકવાણા (16 ) થોડીવાર પહેલા જ તેમના ઘરે આવ્યો હતો.એક તગારામાં દારૂગોળો ભર્યો હતો અને તે સમયે ઈલેક્ટ્રીક ઘંટીમાંથી તણખો ઊડી આ તગારામાં પડતા આગ લાગી ઉઠી હતી.બાજુમાં જ બેઠેલો કિશન મકવાણા આગની ઝપેટમાં આવી ગયો હતો અને ગંભીર રીતે દાજી ગયો હતો.



કે.ડી. News

તારીખ : 29/07/2026

# સાવરકુંડલા વોર્ડ 9માં ગટર સમસ્યાનો અંત

## નગરપાલિકાએ કામગીરી કરી, રહીશોને રાહત



સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર 9માં છેલ્લા 15 દિવસથી ગટરની ગંભીર સમસ્યા હતી. ધારાસભ્ય મહેશ કસવાલાની સૂચના બાદ નગરપાલિકાએ તાત્કાલિક કામગીરી હાથ ધરીને આ સમસ્યાનો ઉકેલ લાવ્યો છે, જેનાથી સ્થાનિક રહીશોને મોટી રાહત મળી છે.આ વિસ્તારમાં ગટરનો મેનહોલ તૂટી ગયો હતો અને ગટરની લાઈન બ્લોક થઈ ગઈ હતી. જેના કારણે દુર્ગંધ, ગંદુ પાણી અને અવરજવરમાં ભારે અસુવિધા સર્જાઈ હતી. સ્થાનિકોએ અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો.

સમસ્યાની જાણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને થતા તેમણે તાત્કાલિક શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ જે. રાઠોડને સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ત્યારબાદ નગરપાલિકાના અધિકારીઓ અને આગેવાનો સાથે સ્થળ પર પહોંચી ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી. નગરપાલિકા દ્વારા જેસીબી, જેટિંગ મશીન અને બાઉઝર સહિતના સાધનોની મદદથી ગટરની લાઈન સંપૂર્ણપણે સાફ કરવામાં આવી હતી.

તૂટેલા મેનહોલનું પણ સમારકામ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું. આ કામગીરી દરમિયાન નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ અતુલભાઈ કાપડિયા, ઉપપ્રમુખ પ્રતિનિધિ પરાગભાઈ તન્ના, દંડક અરવિંદભાઈ મેવાડા, પક્ષના નેતા દિનેશભાઈ રાઠોડ, પૂર્વ સદસ્ય રમેશભાઈ ચૌહાણ, વોર્ડના પ્રતિનિધિઓ ધૃવિલભાઈ રાયચુરા, અનિલભાઈ ગોહિલ, રણછોડભાઈ ખીમાણીયા તેમજ એસ.આઈ. કેતનસિંહ ચૌહાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તાત્કાલિક કામગીરી પૂર્ણ થતાં સ્થાનિક રહીશોએ રાહત અનુભવી અને તંત્રનો આભાર વ્યક્ત કર્યો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ધોરણ 5 ના વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક!

## CET ની વિશેષ તૈયારી શરૂ

(Common Entrance Test)

ધોરણ 5 ના વિદ્યાર્થીઓ CET પરીક્ષા પાસ કરીને સમગ્ર ગુજરાતમાં આવેલી રક્ષા શક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલમાં મેરીટના આધારે પ્રવેશ મેળવી શકે છે.



### જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા (JNVST) ની તૈયારી પણ શરૂ!

ધોરણ 5 ના વિદ્યાર્થીઓ માટે જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી અમારા ક્લાસમાં કરાવવામાં આવે છે.

- ધોરણ 6 થી ધોરણ 12 સુધી સંપૂર્ણ મફત શિક્ષણ
- હોસ્ટેલમાં રહેવાની અને જમવાની સંપૂર્ણ મફત સુવિધા
- ગુણવત્તાસભર શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દી માટે શ્રેષ્ઠ તક

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ: 31/07/2026**

અમારા ટ્યુશન ક્લાસમાં CET ની વિશેષ અને પરિણામલક્ષી તૈયારી શરૂ છે.

### જવાહર નવોદય વિદ્યાલયની વિશેષતાઓ:

- ધોરણ 6 થી 12 સુધી મફત શિક્ષણ
- મફત હોસ્ટેલ અને ભોજનની સુવિધા
- ગુણવત્તાસભર શિક્ષણ અને સર્વાંગી વિકાસ



CET અને જવાહર નવોદય – બંને પરીક્ષાઓ માટે અનુભવી માર્ગદર્શન, નિયમિત ટેસ્ટ અને સંપૂર્ણ તૈયારી.



આજે જ તમારા બાળકનું એડમિશન નોંધાવો અને તેના ઉજ્જવળ ભવિષ્ય તરફ પહેલ કરો!

# સાફલ્ય એજ્યુકેશન

સાવરકુંડલા

કાપેલધાર, લિજ્જત પાપડવાળી શેરી, સાવરકુંડલા

સંપર્ક : 9662413503, 8733007258



કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભક્તિમય ઉજવણી







સાવરકુંડલા, તા. 29 જુલાઈ, 2026: શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. આ પવિત્ર પ્રસંગે સંસ્થાના વડા પૂજ્ય શાસ્ત્રી ભગવત પ્રસાદદાસજી સ્વામી તથા સંસ્થાના કોઠારી પૂજ્ય અક્ષર મુક્તદાસજી સ્વામીના પાવન સાન્નિધ્યમાં કાર્યક્રમ યોજાયો.કાર્યક્રમની શરૂઆત ધૂન, પ્રાર્થના અને વેદમંત્રોચ્ચારથી કરવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્ય સંતશ્રીઓએ ગુરુના મહિમા, ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન તથા જીવનમાં ગુરુના માર્ગદર્શનના મહત્વ અંગે પ્રેરણાદાયી આશીર્વચન આપ્યા. તેમણે વિદ્યાર્થીઓને સંસ્કાર, શિસ્ત, સેવા, સદાચાર અને ગુરુપ્રત્યે અખંડ શ્રદ્ધા રાખી જીવનમાં ઉત્તમ નાગરિક બનવાનો સંદેશ આપ્યો ઉપરાંત માતાપિતા ની સેવા મૂલ્ય સમજાવેલ.આ પ્રસંગે ધોરણ 8 થી 12ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુભક્તિ દર્શાવતા ભજન  રજૂ કરવામાં આવ્યા હતા. શાળા ના તમામ કર્મચારીઓ એ તથા વિદ્યાર્થીઓએ ગુરુપૂજન કરી સંતશ્રીઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ આત્મસાત કર્યું.સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન ગુરુકુળ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે  ગુરુના આશીર્વાદ સાથે કાર્યક્રમનું સફળ સમાપન થયું.

કે.ડી NEWS

તારીખ : 29/07/2026

**સાતમી વાર્ષિક પુણ્યતિથિએ**

# પુષ્પાંજલિ



## સ્વ. વિઠ્ઠલભાઈ હરજીભાઈ જયાણી

(ઉ.વ. ૭૫) તા. ૧૫/૭/૨૦૧૯, મંગળવાર

**આપના અષાઢી બીજનાં જન્મથી લઈને**
**ગુરૂપુર્ણિમાનાં દેહત્યાગની સફરને અમારા કોટી-કોટી વંદન...**

દુનિયા માટે ભલે તમે ચાલ્યા ગયા પણ અમારા માટે તમે હંમેશા જીવંત છો અને હંમેશા જીવંત રહેશો.
અમારા યાદગીરીના પુષ્પો અને આંસુના અભિષેક વડે સ્મરણાંજલિ અર્પણ કરીએ છીએ.

**જય મોખરા હનુમાનજી મહારાજ**

: લિ. :

દેવેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ જયાણી | સ્વ. જયંતિભાઈ હરજીભાઈ જયાણી
મહાવીરભાઈ દેવેન્દ્રભાઈ જયાણી | વિક્રમભાઈ જયંતિભાઈ જયાણી
ગં.સ્વ. વિજયાબેન વિઠ્ઠલભાઈ જયાણી

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## માલામાલ કુપન સાથે એક સ્ક્રેપ કુપન "ફ્રી"

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી NEWS
તારીખ : 29/07/2026

# આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ




આજે, 29 જુલાઈના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ 2010માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગ ખાતે યોજાયેલા વૈશ્વિક વાઘ સંમેલન દરમિયાન વાઘોના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવા અને તેમની સતત ઘટતી સંખ્યાને અટકાવવા આ દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.વાઘ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે અને જંગલોના પર્યાવરણીય સંતુલન જાળવવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા છે. વાઘની હાજરી સ્વસ્થ અને સમૃદ્ધ જંગલનું પ્રતીક માનવામાં આવે છે. તેથી વાઘનું સંરક્ષણ માત્ર એક પ્રજાતિનું જ નહીં, પરંતુ સમગ્ર વન્યજીવ સૃષ્ટિ અને જૈવ વૈવિધ્યના સંરક્ષણ સાથે પણ જોડાયેલું છે.ભારતમાં વાઘોના સંરક્ષણ માટે વિવિધ અભયારણ્યો અને વાઘ અભ્યારણો કાર્યરત છે. સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ સંરક્ષણ યોજનાઓ, ગેરકાયદે શિકાર પર નિયંત્રણ અને વનોના વિકાસના પ્રયાસોના પરિણામે વાઘોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે પ્રકૃતિ અને વન્યજીવોના સંરક્ષણનું મહત્વ વધુ ઉજાગર થાય છે.

તારીખ : 29/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# મકાન

## ભાડે જોઇએ છે...

**સ્વતંત્ર મકાન, સારા એરીયામાં, સરકારી નોકરીયાત ફેમીલી માટે મકાન ભાડે જોઇએ છે...**

## : સંપર્ક :

## મો. 95580 21644

તારીખ : 29/07/2026

# 'મોળું ભોજન'થી મનગમતા વરની કામના: ભરૂચમાં જયાપાર્વતી વ્રતનો ભક્તિભેર પ્રારંભ, પાંચ દિવસ શિવ-ગૌરીની આરાધનામાં લીન થશે કન્યાઓ



ભરૂચ, હિન્દુ સંસ્કૃતિના અતિ પવિત્ર અને આસ્થાસભર જયાપાર્વતી વ્રતનો ભરૂચ શહેરમાં ભક્તિભાવ અને ધાર્મિક ઉલ્લાસ સાથે પ્રારંભ થયો છે. અષાઢ સુદ તેરસથી શરૂ થયેલા આ પાંચ દિવસીય વ્રત દરમિયાન શહેરની કુંવારી કન્યાઓ ઈચ્છિત અને ઉત્તમ જીવનસાથીની પ્રાપ્તિ માટે જ્યારે પરણિત મહિલાઓ અખંડ સૌભાગ્ય અને સુખી દાંપત્ય જીવનની કામના સાથે કડક નિયમોનું પાલન કરી ભગવાન શિવ અને માતા પાર્વતીની આરાધનામાં લીન બની છે.વ્રત દરમિયાન કન્યાઓ પાંચ દિવસ સુધી મીઠા વગરનું 'મોળું ભોજન' ગ્રહણ કરે છે અને દિવસમાં માત્ર એક જ વખત ભોજન લે છે. દરરોજ ભગવાન શંકર અને માતા પાર્વતીની વિધિવત પૂજા-અર્ચના સાથે અગાઉ વાવેલા જવારાનું પણ પૂજન કરવામાં આવે છે. શહેરના અનેક મંદિરો અને ઘરોમાં શિવ-પાર્વતીની આરાધના, ભજન અને પૂજનનો આધ્યાત્મિક માહોલ જોવા મળી રહ્યો છે.ધાર્મિક માન્યતા અનુસાર માતા સીતાએ ભગવાન શ્રીરામને અને દેવી પાર્વતીએ ભગવાન શિવને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે આ વ્રતનું અનુષ્ઠાન કર્યું હતું. તેથી જ આ વ્રત અવિવાહિત કન્યાઓ માટે વિશેષ મહત્વ ધરાવે છે. માન્યતા છે કે શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરવાથી મનગમતા જીવનસાથીની પ્રાપ્તિ થાય છે તેમજ સૌભાગ્ય, સમૃદ્ધિ અને સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. પરણિત મહિલાઓ માટે આ વ્રત અખંડ સૌભાગ્ય અને પરિવારના કલ્યાણનું પ્રતીક માનવામાં આવે છે.જયાપાર્વતી વ્રતને ગૌરીવ્રત અથવા 'ગોરો' તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે નાની વયની કન્યાઓ ગૌરીવ્રત કરે છે, જ્યારે યુવતીઓ જયાપાર્વતી વ્રતનું પાલન કરે છે. આ વ્રત દરમિયાન મીઠાનું સેવન સંપૂર્ણપણે વર્જિત માનવામાં આવે છે. દંતકથા અનુસાર એક વખત માતા પાર્વતીએ કૈલાસ પર દેવી-દેવતાઓને ભોજન કરાવ્યું હતું, પરંતુ તેમાં મીઠું ન હતું. તેમ છતાં દેવી-દેવતાઓએ પ્રેમપૂર્વક તે ભોજન સ્વીકાર્યું હતું. ત્યારથી માતા પાર્વતીએ મીઠા વિનાના ભોજનને વ્રત સાથે જોડ્યું અને આ પરંપરા આજ સુધી અવિરત ચાલી રહી છે.વ્રતની તૈયારી પણ વિશેષ મહત્વ ધરાવે છે. અષાઢ સુદ પાંચમે કન્યાઓ ઘઉં, જવ, તલ, મગ, તુવેર, ચોળા અને અક્ષત જેવા સાત પ્રકારના ધાન્ય માટીમાં વાવી જવારા ઉગાડે છે. અષાઢી અગિયારસથી આ જવારાની ભગવાન શંકરના સ્મરણ સાથે પૂજા કરવામાં આવે છે. આ પરંપરા દ્વારા નવી પેઢીને ધાન્ય, ખેતી અને પ્રકૃતિ પ્રત્યે આદરભાવનો સંદેશ પણ આપવામાં આવે છે.પાંચ દિવસના વ્રત દરમિયાન નિયમ-સંયમ સાથે ઉપવાસ કરનાર કન્યાઓ અંતિમ દિવસે રાત્રિ જાગરણ કરે છે અને ગોરણીઓને જમાડીને વ્રતનું વિધિવત ઉજવણું કરે છે. જયાપાર્વતી વ્રતના પ્રારંભ સાથે ભરૂચ શહેરમાં ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને સાંસ્કૃતિક પરંપરાનો અનોખો માહોલ સર્જાયો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## નિયમિત મળશે!

## ડૉ. સુહાની રહીશભાઈ સવટ

### B.D.S. ડેન્ટલ સર્જન

# ભારત ડેન્ટલ કેર & ઈમ્પ્લાન્ટ સેન્ટર

પહેલો માળ, જનરલ મેડિકલ સ્ટોર, નદી બજાર, સાવરકુંડલા

## સવારે 9 થી સાંજે 8 સુધી

**સુવિધાઓ :**

- દાંતની તપાસ અને સફાઈ
- રુટ કેનાલ ટ્રીટમેન્ટ
- દાંતના ઈમ્પ્લાન્ટ
- બ્રિજ, કેપ્સ & સ્માઈલ ડિઝાઈન
- પેઈનલેસ ટ્રીટમેન્ટ
- બાળકોના દાંતની સારવાર
- પોર્ટેબલ એક્સરે વડે નિદાન



## મો. 94088 27867

તારીખ : 29/07/2026

# શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન - રાજકોટ,શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં ગુરુપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી





આજરોજ તારીખ 29 જુલાઈના દિવસે કોલેજમાં ગુરુપૂર્ણિમાનું પર્વ ઉજવવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીની બહેનોએ સુંદર રંગોળી બનાવી હતી વીંછીયા ઉપાસના.રાઠોડ ભાર્ગવી, સરવૈયા શિવાનીએ રંગોળી દોરી હતી કાર્યક્રમ ના પ્રારંભમાં ડો પ્રતિમા શુક્લએ આજના દિવસનું મહત્વ તથા સમગ્ર કાર્યક્રમ ની રૂપરેખા આપી હતી ત્યારબાદ ભજન ગઝલ વક્તવ્ય ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી કાર્યકારી આચાર્યશ્રી ડી. એલ. ચાવડા દ્વારા આજના પાવન પર્વે વિદ્યાર્થીની બહેનોને આશીર્વાદ તથા આગળ ખૂબ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાદવ મહેક તથા વાઘેલા આસ્તાનાએ કર્યુ હતુ. અસ્મિતા તથા પ્રાર્થનાએ ગુરુજનોને કંકુ ચોખા ફૂલો વડે વંદના કાર્યક્રમ કર્યો હતો આ કાર્યક્રમમાં હિરલ અને નીપાએ સુંદર ભજન રજૂ કર્યા હતા જ્યારે ખુશબુએ ગઝલ રજૂ કરી હતી. કાર્યક્રમના અંતમાં પ્રા. કે.બી.પટેલ સાહેબ એ આભાર દર્શન કર્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 29/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# લોન...લોન...લોન...

આપના ચાલુ ધંધા ઉપર
મુદ્રા લોન કરી આપીશું.
૧ લાખ થી ૨૫ લાખ સુધી...
નાના-મોટા વેપારી ભાઈઓ
તેમજ પ્રોડક્શન કરતા
કારખાનેદાર માટે લોન ઉપલબ્ધ....

- મશીનરી લોન
- C.C.O.D. લોન
- હોમ, મોર્ગેજ લોન

સંપર્ક કરો: 93275 38651
જુના માર્કેટયાર્ડ, અમરેલી

તારીખ : 29/07/2026

# સાવરકુંડલાની બ્રાંચ શાળા નં. 2 કન્યા શાળાની વિદ્યાર્થિનીઓનું SGFI એથલેટિક્સ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન



સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાની SGFI રમતગમત સ્પર્ધા–2026 અંતર્ગત યોજાયેલી એથલેટિક્સ સ્પર્ધામાં બ્રાંચ શાળા નં. 2 કન્યા શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી વિવિધ ઈવેન્ટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.અંડર-14 વિભાગમાં જાખરા પરીએ 200 મીટર દોડમાં તૃતીય સ્થાન, ડાભી માનસીએ ચક્રફેકમાં પ્રથમ સ્થાન, ગોરેચા દીપાવલીએ ઊંચીકૂદમાં પ્રથમ સ્થાન, દેગામાં રવિનાએ 200 મીટર દોડમાં તૃતીય સ્થાન, મકવાણા અલ્વીરાએ લાંબીકૂદમાં તૃતીય સ્થાન, રાણાવડિયા શિવાંગીએ 100 મીટર દોડમાં પ્રથમ સ્થાન, ગોહિલ પ્રિયંકાએ 100 મીટર દોડમાં દ્વિતીય સ્થાન, ગોહિલ હિનાએ 200 મીટર દોડમાં તૃતીય સ્થાન તેમજ જીરૂકા અલ્વીરાએ ગોળાફેંકમાં દ્વિતીય સ્થાન મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી.અંડર-17 વિભાગમાં સોલંકી જાનવીએ ઊંચીકૂદ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.વિદ્યાર્થિનીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ પાછળ પી.ટી.આઈ. શિક્ષક આસિફભાઈ કુરેશીના માર્ગદર્શન અને સતત તાલીમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ ભારતીબેન રાઠોડ તેમજ સમગ્ર શિક્ષકગણ અને સ્ટાફે તમામ વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

કે.ડી. NEWS
તારીખ : 29/07/2026

# નદીમાં અકસ્માતો અટકાવવા રાજુલા પોલીસની પહેલ

## હિંડોરણા અને ખાખબાઈ ખાતે જોખમી વિસ્તારોમાં ચેતવણી સૂચક સાઈન બોર્ડ લગાવાયા




ચોમાસાની ઋતુ દરમિયાન નદીના વધતા પ્રવાહ અને ઊંડા પાણીના કારણે બનતી દુર્ઘટનાઓને અટકાવવાના હેતુથી રાજુલા પોલીસ દ્વારા મહત્વપૂર્ણ જનજાગૃતિમૂલક પગલું ભરવામાં આવ્યું છે.રાજુલા તાલુકાના હિંડોરણા તથા ખાખબાઈ ગામ નજીક ધાતરડી નદીના મુખ્ય માર્ગ પર આવેલા નદીકાંઠાના જોખમી વિસ્તારોમાં વિશેષ સૂચના અને ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે. આ બોર્ડ દ્વારા સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓને નદીના જોખમી વિસ્તારો અંગે સાવચેત રહેવા અને અનાવશ્યક રીતે પાણીમાં પ્રવેશ ન કરવા અપીલ કરવામાં આવી છે.ચોમાસા દરમિયાન નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતો હોવાથી અનેક વખત દુર્ઘટનાઓ સર્જાવાની શક્યતા રહે છે. આવી ઘટનાઓને અટકાવવા તથા લોકોમાં સલામતી અંગે જાગૃતિ ફેલાવવા રાજુલા પોલીસ દ્વારા હાથ ધરાયેલ આ પહેલને સ્થાનિકોએ આવકારી છે.રાજુલા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે વરસાદી માહોલમાં નદી, ચેકડેમ અને અન્ય જળાશયો પાસે સાવચેતી રાખે, જોખમી સ્થળોએ જવાનું ટાળે તેમજ ચેતવણી સૂચક બોર્ડ પર દર્શાવેલ સૂચનાઓનું પાલન કરીને પોતાની અને પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

# કાણકિયા કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ...

શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. 29 જુલાઈ 2026 ને બુધવારના રોજ ગુરુપુર્ણિમાના પાવન પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ સમૂહપ્રાર્થના સાથે થઈ હતી. ત્યાર બાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાએ જીવનમાં ગુરુનું સ્થાન અને મહત્વ તેમ જ કારકિર્દી ઘડતરમાં ગુરુના પ્રદાન પર ખૂબ જ પ્રેરક વિચારો રજૂ કર્યા હતા. તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તેમણે આ તકે શુભકામનાઓ પાઠવી હતી. ગુરુપૂર્ણિમા ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે એક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી જેમાં કોમર્સ અને આર્ટ્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકો દ્વારા વિદ્યાર્થી જીવનમાં ગુરુનું સ્થાન, સાંપ્રત સમયમાં ગુરુ-શિષ્ય સંબંધની આવશ્યકતા, ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરા તેમ જ ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ગુરુ પરંપરા અને પ્રાચીન ગુરુકુળો જેવા વિવિધ વિષયો પર પોતાના વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં આશ્વાસન ઈનામ પીપળીયા દિવ્યા (F.Y.B.A.)ને પ્રાપ્ત થયું હતું. તૃતીય ક્રમે કનોજીયા તમન્ના (T.Y.B.A.) અને કાતરિયા વિભા (T.Y.B.A.), દ્વિતીય ક્રમે સોલંકી દ્રષ્ટિ (T.Y.B.Com.) અને કનાલા નુપુર (S.Y.B.A.) અને પ્રથમ ક્રમે નનેરા દેવાંશી (T.Y.B.Com.) વિજેતા બન્યા હતા. આચાર્યશ્રી તેમ જ તમામ સ્ટાફ મિત્રોએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અંગ્રેજી વિભાગના પ્રો. ડો. હાર્દિક ઉદેશી અને કોમર્સ વિભાગના પ્રો. ડો. કલ્પેશ રાડિયાએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન અને સંચાલન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઑફિસર અને ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. આશિષ જે. ચૌહાણે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 29/07/2026

# સુરતની એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી




ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સુરતની એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં ધોરણ 9 થી 12 ના તમામ વિદ્યાર્થીઓ અને વાલી શિક્ષક મંડળ દ્વારા શાળાના આચાર્યથી શરૂ કરી સેવક સુધીના સર્વે ગુરૂજનોનું ગરીમાપૂર્ણ ગુરુપૂજન કરીને પ્રિન્સિપાલ કિશોરકુમાર જાનીના અધ્યક્ષ સ્થાને ખુબ સુંદર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ શાળાના વિદ્યાર્થીવૃંદ દ્વારા પ્રાર્થના કરી ગુરુપૂર્ણિમાના આ ગરીમાપૂર્ણ કાર્યક્રમમાં હેત્વી ગોટાવાલા અને કવીર પટેલે સુંદર પ્રતિભાવ આપી ગુરુ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કર્યો. સુપરવાઈઝર શ્રી ગુલાબભાઈ પટેલ અને વાલી મંડળના મંત્રી મુકેશભાઈ પરમારે પ્રસંગોચિત ઉદબોધન કર્યું. શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલે સુંદર ભજન પ્રસ્તુત કર્યું તેમજ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી પ્રિન્સિપાલ શ્રી કિશોરકુમાર જાનીએ પોતાની લાક્ષણિક શૈલીમાં ગુરુ શિષ્યની પરંપરા અંગે અત્યંત રોચક વાતો કરીને ઉપસ્થિત સર્વેને અભિભૂત કર્યા. આ કાર્યક્રમમાં વાલી શિક્ષક મંડળના પ્રમુખ શ્રી કેતનભાઈ ઘીવાલા, પૂર્વ પ્રમુખ શ્રી જતીનભાઈ ચેવલી, મંત્રી શ્રી મુકેશભાઈ પરમાર, સર્વે હોદ્દેદારો સહિત આમંત્રિતો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની સફળતા માટે શાળાના સુપરવાઈઝરો અને સમગ્ર સ્ટાફે ખુબ સુંદર જહેમત ઉઠાવી.



કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

# અમરેલી જિલ્લાની 102 શાળાના 21,215 વિદ્યાર્થીઓ તાલીમમાં જોડાયા:ડો. કલામ ઈનોવેટીવના 9 વિદ્યાર્થીઓએ રોબોટિક્સ અને ઈલેક્ટ્રોનિક્સની તાલીમ આપી



અમરેલીમાં ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા ટેકનોરથ – ટેક્નોલોજી ઓન વ્હીલ્સ અભિયાન અંતર્ગત 9 વિદ્યાર્થી ટ્રેનરોએ બે મહિનાથી પણ ઓછા સમયમાં જિલ્લાની 120 સરકારી શાળાઓના 21,215 વિદ્યાર્થીઓને રોબોટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ, વર્ચ્યુઅલ રિયાલિટી , આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્ટેમ આધારિત આધુનિક ટેક્નોલોજીની પ્રાયોગિક તાલીમ આપી હતી.ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલના ડિરેક્ટર જય કાથરોટીયાએ જણાવ્યું હતું કે ટેકનોરથ – ટેક્નોલોજી ઓન વ્હીલ્સ એક મોબાઈલ ટેક્નોલોજી લેબ તરીકે ઓળખાય છે. તે ગામડે-ગામડે અને શાળાએ-શાળાએ પહોંચી હતી.જ્યાં વિદ્યાર્થીઓએ રોબોટિક્સ, સેન્સર આધારિત પ્રયોગો, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ્સ, થ્રીડી પેન સહિતના પ્રયોગો જાતે કર્યાં હતા.આ ટ્રેનિંગમાં શાળાના વિદ્યાર્થી જશ સાવલિયા, પ્રજ દેસાઈ, જીલ રાખોલિયા, રૂદ્ર પરવાડિયા, કેયુર શકોરિયા, સત્યમ સુરાણી, વેદ હિરાણી, પ્રિન્સ ગોંડલિયા અને જીલભાઈ જોડાયા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી




અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 29/07/2026

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ મોબાઈલ શોધી અરજદારને પરત અપાવ્યો

ગુજરાત પોલીસના 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત લાઠી પોલીસ સ્ટેશન દ્વારા એક અરજદારનો ગુમ થયેલો મોબાઈલ ફોન ટેક્નિકલ સોર્સના આધારે સફળતાપૂર્વક શોધી કાઢી તેના કાયદેસરના માલિકને પરત સોંપવામાં આવ્યો.અરજદારે પોતાનો મોબાઈલ ગુમ થયાની અરજી લાઠી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવ્યા બાદ પોલીસ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ તથા અન્ય આધુનિક તપાસ પદ્ધતિઓના આધારે મોબાઈલનું લોકેશન મેળવી તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સતત પ્રયત્નોના પરિણામે મોબાઈલ શોધી કાઢી અરજદારને પરત આપવામાં આવ્યો હતો.મોબાઈલ પરત મળતાં અરજદારે લાઠી પોલીસનો




હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસ દ્વારા નાગરિકોને પોતાના કિંમતી મોબાઈલ અથવા અન્ય વસ્તુ ગુમ થાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા તેમજ સમયસર અરજી નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

# ટ્રેન અપડેટ
# ભાવનગર ડિવિઝન

લિંક રેકના મોડા આગમનના કારણે કેટલીક ટ્રેનો આંશિક રીતે રદ રહેશે

શોર્ટ ટર્મિનેશન / શોર્ટ ઓરિજિનેશન

ટ્રેન નંબર 12950 સાંતરાગાછી–પોરબંદર સુપરફાસ્ટ એક્સપ્રેસ

26 જુલાઈ 2026 ના રોજ સાંતરાગાછીથી ઉપડતી આ ટ્રેન રાજકોટ ખાતે શોર્ટ ટર્મિનેટ થશે (રોકાઈ જશે).

આ ટ્રેન રાજકોટ અને પોરબંદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર 12905 પોરબંદર–શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ 30 જુલાઈ 2026 ના રોજ આ ટ્રેન પોરબંદરથી રવાના નહીં થાય.

એના બદલે આ ટ્રેન 30 જુલાઈ 2026 ના રોજ રાજકોટથી બપોરે 13:30 વાગ્યે શોર્ટ ઓરિજિનેટ થશે (ઉપડશે).

આ ટ્રેન પોરબંદર અને રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

કારણ: ટ્રેન નંબર 12950 સાંતરાગાછી–પોરબંદર સુપરફાસ્ટ એક્સપ્રેસના લિંક રેક 38 કલાક મોડા આવવાને કારણે.

પ્રકાશ પ્રિન્ટર્સ

## પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લાગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો




માત્ર **249** 1 વર્ષ


7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)
વોટ્સેપ + ફેઇસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

**સાથે મેળવો અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ**
**કોલીંગ ડીરેકટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....**

**એપ ડાઉનલોડ કરો અને**
**2 દિવસ ડેમો ફ્રી મેળવો**

LIMITED OFFER

**તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઇલનાં પ્લેસ્ટોરમાં જઇને**



# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - 9409545745


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 29/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"વસ્તુની પસંદગીમાં વિવેકને આપણે હાજર રાખીએ જ, વ્યક્તિની પસંદગીમાં પણ વિવેક ગેરહાજર ન થઈ જાય એનું આપણે ધ્યાન રાખીએ તો પછી શબ્દોની પસંદગીમાં વિવેકને હાજર રાખવાનું આપણે શી રીતે ચૂકી શકીએ ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3468**
**29/07/2026**
**Wednesday**

## आत्मा

"गुरुपौर्णिमा" उत्सव मे शिष्य भी गुरु को परमात्मा के "माध्यम" के रुप मे अपनाता है।

बाबास्वामी
29/7/2026

गुरुपौर्णिमा के अवसर सभी साधक साधिकाओ को खुब खुब आशीर्वाद -

आपका अपना
बाबास्वामी
29/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**એક ભાઈ** ડૉક્ટર પાસે ગયા.ડૉક્ટર: શું તકલીફ છે?ભાઈ: સાહેબ, હું વાતો બહુ ભૂલી જાઉં છું.ડૉક્ટર: ક્યારથી?ભાઈ: ક્યારથી શું?......

**શિક્ષક:** કહો, દુનિયામાં સૌથી ઝડપથી શું દોડે છે?

વિદ્યાર્થી: સાહેબ,લેશન

શિક્ષક: એ કેવી રીતે?

વિદ્યાર્થી: આવે છે તરત ગાયબ થઈ છે એને બીજું જ નવું આવી ગયું હોય હજુ ઓલું માંડ લખ્યું હોય ત્યાં...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 29/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 29 જુલાઈ

# મહત્વની ઘટનાઓ

૧૯૨૧ – એડોલ્ફ હિટલર જર્મન કામદારોના રાષ્ટ્રીય સમાજવાદી પક્ષના નેતા બન્યા.

૧૯૪૮ – ઓલિમ્પિક રમતો: XIV ઓલિમ્પિયાડ રમતોત્સવ: બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૨ વર્ષના વિરામ બાદ (બર્લિનમાં ૧૯૩૬ના ગ્રીષ્મ ઓલિમ્પિક્સ પછી) યોજાનાર પ્રથમ ગ્રીષ્મ ઓલિમ્પિક્સ લંડનમાં શરૂ થયો.

૧૯૫૭ – આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

૧૯૮૦ – ઈસ્લામિક ક્રાંતિ પછી ઈરાને એક નવો પવિત્ર ધ્વજ અપનાવ્યો.

૧૯૮૭ – બ્રિટિશ વડા પ્રધાન માર્ગારેટ થેચર અને ફ્રાન્સના પ્રમુખ ફ્રેનોઈસ મિત્તરેન્ડે ઇંગ્લિશ ચેનલ હેઠળ ટનલ (યુરોટનલ) બનાવવાના કરાર પર હસ્તાક્ષર કર્યા.

૧૯૮૭ – ભારતના વડા પ્રધાન રાજીવ ગાંધી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ જે. આર. જયવર્દનેએ વંશીય મુદ્દાઓ પર ભારત-શ્રીલંકા સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

૨૦૦૫ – ખગોળશાસ્ત્રીઓએ, લઘુગ્રહ એરિસની શોધની જાહેરાત કરી.

## જન્મ

૧૮૪૧ – ગેર્હાર્ડ હેનરિક હેન્સન, (Gerhard Armauer Hansen) નોર્વેના ચિકિત્સક, રક્તપિત્તના કારકના શોધકર્તા (અ. ૧૯૧૨)

૧૯૦૪ – જે.આર.ડી.તાતા, ભારતીય ઉદ્યોગપતિ (અ. ૧૯૯૩)

૧૯૪૯ – આરીફ અલ્વી, પાકિસ્તાની રાજકારણી

૧૯૫૯ – સંજય દત્ત, ભારતીય અભિનેતા

## અવસાન

૧૮૫૭ – ચાર્લ્સ લુસિઅન બોનાપાર્ટ, ફ્રેન્ચ પ્રકૃતિશાસ્ત્રજ્ઞ અને પક્ષીવિદ્યા નિષ્ણાત (જ. ૧૮૦૩)

૧૮૯૧ – ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ભારતીય શિક્ષણવિદ્ અને સમાજ સુધારક (જ. ૧૮૨૦)

૧૯૯૬ – અરુણા આસફ અલી, ભારતીય સ્વાતંત્ર્યસેનાની, રાજકીય કાર્યકર્તા, શિક્ષણશાસ્ત્રી અને પ્રકાશક (જ. ૧૯૦૯)

૨૦૦૯ – ગાયત્રીદેવી, જયપુરના ભુતપૂર્વ મહારાણી (જ. ૧૯૧૯)

૨૦૧૬ – મધુસૂદન ઢાંકી, ગુજરાતના સ્થાપત્યવિદ્ અને કળા ઈતિહાસકાર (જ. ૧૯૨૭)

## તહેવારો અને ઉજવણીઓ

આંતરાષ્ટ્રીય વાઘ દિવસ

મોહન બાગાન દિવસ,

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો


**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 29/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

39K

100K

**સંપર્ક : મો. 94997 97973**